(૯૧)

# જાહેરનામુ

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃ ગ/ ઉપક/૨૮૫/ ૨૦૧૦**
**તા.૧૫/૨/૨૦૧૦**

વંચાણે લીધાઃ- જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૭૨/૨૦૦૯ તા.૭/૧૧/૨૦૦૯

અમદાવાદ શહેરમાં વધતા જતાં વાહનોનાં કારણે ટ્રાફિક સમસ્યા દિન-પ્રતિદિન વધતી જ જાય છે. અને રોડની લંબાઇ સીમીત છે. આ ટ્રાફિક સમસ્યામાં ટ્રેક્ટર-ટ્રેઇલર કે જે ધીમા ચાલતા વાહન હોય,તથા લાંબા હોય તેમજ એકંદરે આ વાહનો વ્યાપારી ધોરણે ઉપયોગમાં લેવાતા હોઇ આવા ટ્રેક્ટર-ટ્રેઇલરોને શહેરમાં થતી અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે. આથી શહેરનો ટ્રાફિક સલામત અને સુવ્યવસ્થીત ચાલે તે માટે તેમજ જાહેર પરિવહનમાં આ ધીમા ચાલતા વાહનો નડતરરુપ ન થાય તે હેતુસર નીચે મુજબ હુકમ કરું છું.

**હુકમ :-**

હું એસ.કે.સાઇકીયા પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને મુંબઇ પોલીસ અધિનીયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) કલમ-૩૩ (૧) બ આધારે મળેલ સત્તાની રુએ નીચે મુજબ હુકમ કરવા વિચારુ છું. અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રીની હકુમતનાં વિસ્તારનાં મુખ્ય માર્ગો ઉપર ધીમે ચાલતા યાંત્રિક વાહનો પૈકી ટ્રેક્ટર, ટ્રેઇલરને સવાર કલાક ૯.૦૦ થી ૧૩.૦૦ અને ૧૭.૦૦ થી ૨૧.૦૦ દરમ્યાન હરવા ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ જાહેરનામા માંથી પાણીનું વહન કરતા ટ્રેક્ટર-ટેઇલર અને સરકારી સેવામાં રહેલા તથા મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવામાં રહેલા ક્ચરો ઉપાડતા ટેન્કરોને મુક્તી આપવામાં આવે છે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ મુંબઇ પોલીસ અધિનિયમ કલમ.૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામોનો અમલ તા.૧૯/૨/૨૦૧૦ થી કરવાનો રહેશે.

આજ રોજ તા.૧૫/૨/૨૦૧૦ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૧૫/૨/૨૦૧૦

(એસ.કે.સાઇકીયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સ.રવાના :-**

૧. મેનેજરશ્રી, ગવૅમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગવૅમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારુ.

૩. અગ્ર સચિવશ્રી ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગર

ગાંધીનગર.
૪. કલેક્ટરશ્રી, જીલ્લા કલેક્ટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ.
૫. ~~અમદાવાદ~~ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ )
રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ (૫ નકલ )
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ ભદ્ર, અમદાવાદ. ( ૫ નકલ )
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા, અમદાવાદ ( ૨૫ નકલ )
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર
૭. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ અને મેટ્રો પોલીટનની કોર્ટ, અમદાવાદ શહેર.
૮. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
૯. માહીતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ.

**<u>નકલ રવાના ઃ -</u>**

૧. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર.૧/૨, મુખ્ય મથક, વિ.શાખા, ટ્રાફિક, અ'વાદ શહેર.

૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૩. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૪. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રુમ, અમદાવાદ શહેર.
૨/- જાણ સારું દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
૫. પો.ઇન્સ.શ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
૨/- જાણ સારું તેમજ પોસ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારું.
૬. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક શાખા અમદાવાદ શહેર(૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારું.